| GJVD030025502021 | | ફરીયાદ દાખલ તારીખ | ૦૮–૧૦–૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૦૮–૧૦–૨૦૨૧ | | |
| | | ફેંસલ તારીખ | ૦૨–૦૪–૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૪ | ૦૫ | ૨૪ |

## કરજણના નામ. એડી.ચીફ જ્યુડી. મેજી. (ડી.એ.જાદવ)સાહેબશ્રીની કોર્ટમાં, મુ. કરજણ, જિ.વડોદરા.

**ફોજદારી કેસ નં. ૨૧૩૪/૨૦૨૧**
**આંક:–**

**શ્રી સ ર કા ર** :: **ફરિયાદી**

**વિ રૂ દ્ધ**

(૧) **કપુસામી ઉર્ફે કનન બોસ અકકમમુતેઅર**
રહે. ફમાસીનગર, ન્યુ વિલનગુડી,
પોસ્ટ થથનેરી, તા.જિ.મદુરાઇ ઉત્તર,
મુદરાઇ–૧૮(તમીલનાડુ)

(૨) **વિજ્ઞેશ્વરન સોનૈમુથુ અકકમમુતેઅર**
રહે. ટુનિયન બેંક કોલોની, 2nd સ્ટ્રીટ,
ન્યુ વિલનગુડી, પોસ્ટ થથનેરી, તા.જિ.મદુરાઇ ઉત્તર,
મુદરાઇ–૧૮(તમીલનાડુ) :: **તહોમતદાર**

**બાબત :** **પશુઓ પ્રત્યે ક્રૂરતા અધિનિયમ–૧૯૬૦ ની કલમ–૧૧ ની પેટા કલમ– ૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઇ), ૧૧(૧)(એચ),૧૧(૧)(કે) તથા એમ.વી.એકટની કલમ–૧૨૫ મુજબ...**

**સરકાર તરફે** : **વિ. એ.પી.પી.શ્રી જે.એસ.સોની**
**તહોમતદારો તરફે** : **સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ.**

**–:: જજમેન્ટ ::–**

**૦૧.** આ કામે ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં તહોમતદારોએતા. ૨૬/૧૨/૨૦૨૦ ના કલાક ૨૦:૦૦ વાગે મોજે કરજણ જુના બજાર શીવ કુપા હોટલ પાસે પોતાના કબજાના અશોક લેલન કંપનીની મોડેલ નં. ૧૧૧૩ LS આઇસર ટ્રક જેનો રજીસ્ટેશન નં. TN–59–CF–0367 માં વગર પાસ

પરમીટે ગૌવંશ ગાયો નાની–મોટી નંગ–૧૦ ખીચો ખીચ હલન ચલન ન કરી શકે તે રીતે કુરતાપૂર્વક દોરડા વડે બાંધી, ટ્રકમાં ઘાસ ચારા કે પાણીની સુવિધા રાખ્યા વગર હેરાફેરી કરી મુંગા પશુઓ (ગૌવંશ) ઉપર ભયંકર કુરતાપૂર્વક વર્તન કરી, ગુનો કરેલાનો આક્ષેપ છે.

**૦૨.** આ બનાવ સબબ ફરિયાદીએ કરજણ પો.સ્ટે. માં ફરિયાદ આપતાં તહોમતદારો વિરૂદ્ધ પશુઓ પ્રત્યે કુરતા અધિનિયમ–૧૯૬૦ની કલમ–૧૧ની પેટા કલમ–૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઇ), ૧૧(૧)(એચ),૧૧(૧)(કે) તથા એમ.વી.એકટની કલમ–૧૨૫ મુજબનો ગુન્હો દાખલ કરી, તપાસ અધિકારીશ્રીએ જરૂરી તપાસ કરી, તહોમતદારો વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતાં અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**૦૩.** સદરહુ ચાર્જશીટ દાખલ થતા ક્રીમીનલ રજીસ્ટરમાં તેની નોંધ કરી, ફોજદારી કેસ નં. ૨૧૩૪/૨૦૨૪ થી દાખલ કરી, તહોમતદારો ને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલા પરંતુ, આરોપી એક યા બીજા કારણોસર મળી આવેલા ન હોય, તે રીતે તહોમતદારોને પ્રોસેસ બજી શકેલ નથી. વળી, આ કામે કમિશ્નર ઓફ પોલીસનો પ્રોસેસ બાબતેનો મે–૨૦૨૫ તહોમતદારો પ્રોસેમમાં દર્શાવેલા સરનામે રહેતાં નહી હોવા બાબતેનો રજૂ થયેલ છે. આમ, તહોમતદારો એક યા બીજા કારણોસર મળી આવેલા નથી. તહોમતદારો તમીલનાડુ રાજયના રહેવાસી છે અને નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ જણાવતું ન હોય, માત્ર તહોમતદારોની ગેરહાજરીના કારણે સદર કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચાલી શકેલ ન હોય, તા.૦૪.૦૬.૨૦૨૫ ના રોજ આંક–૧ લગત હુકમ કરી, તહોમતદારો વિરૂદ્ધ સદર કેસની ઇન્સાફી કાર્યવાહી સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ તહોમતદારની ગેરહાજરીમાં આગળ ચલાવી ફરિયાદ પક્ષનો બાકીનો પુરાવો રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ.

**૦૪.** આ કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૧) રાજેશભાઇ હસ્તીલ શાહ–ફરિયાદી | આંક–૦૭ |
| (૨) દર્શનભાઇ દિપકભાઇ ભટ્ટ – પંચ સાહેદ | આંક–૧૨ |
| (૫) ભરતકુમાર રમેશચંદ્ર પુરોહિત–પંચ સાહેદ | આંક–૧૪ |

(૬) રાજેન્દ્રસિંહ રામસિંહ–ત.ક.અમલદાર આંક–૧૭

**૦૫.** આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

(૧) ફરિયાદ આંક–૦૮

(૨) ટ્રક તથા પશુઓ અંગેનું પંચનામું આંક–૧૩

(૩) આરોપીઓની શરીરસ્થિતીનું પંચનામું આંક–૧૫

(૪) ડેપ્યુટ હુકમ આંક–૧૮

(૫) પાંજરાપોળની પાવતીઓ આંક–૧૯, ૨૦

**૦૬.** અત્રે એ હકીકત નોંધનીય છે કે, તહોમતદાર સદર કેસની ઈન્સાફી કાર્યવાહી માટે હાજર રહેલા નથી. તહોમતદારને હાજર રખાવવા માટે અનેક પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે. તહોમતદાર એક યા બીજા કારણોસર મળી આવતાં ન હોય, તે રીતે તહોમતદાર ઉપર પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી. સદર કેસ ૨૦૨૪ના વર્ષનો હોય અને તહોતદારોને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતાં મળી આવેલા ન હોય કે તહોતદારો હાજર રહેતાં ન હોય, તહોમતદારો વિરૂદ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી સી.આર.પી.સી. કલમ–૨૯૯ અન્વે તેઓની ગેરહાજરીમાં આગળ ચલાવી ફરિયાદ પક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ હોય, આરોપીઓનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી.

**૦૭.** આ કામે કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે .

## –: મુ દ્દા ઓ :–

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પૂરવાર કરી શકેલ છે કે, આ કામનાં તહોમતદારોએતા. ૨૬/૧૨/૨૦૨૦ ના કલાક ૨૦:૦૦ વાગે મોજે કરજણ જુના બજાર શીવ ક્રુપા હોટલ પાસે પોતાના કબજાના અશોક લેલન કંપનીની મોડેલ નં. ૧૧૧૩ LS આઈસર ટ્રક જેનો રજીસ્ટેશન નં. TN–59–CF–0367 માં વગર પાસ પરમીટે ગૌવંશ ગાયો નાની–મોટી નંગ–૧૦ ખીચો ખીચ હલન ચલન ન કરી શકે તે રીતે ક્રુરતાપૂર્વક દોરડા વડે બાંધી, ટ્રકમાં ઘાસ ચારા કે પાણીની સુવિધા રાખ્યા વગર હેરાફેરી કરી મુંગા પશુઓ (ગૌવંશ) ઉપર ભયંકર ક્રુરતાપૂર્વક વર્તન કરી, પશુઓ પ્રત્યે ક્રુરતા અધિનિયમ–૧૯૬૦ની કલમ–૧૧ની પેટા કલમ–૧૧(૧)(એ),

૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એચ),૧૧(૧)(કે) તથા એમ.વી.એકટની કલમ–૧૨૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૦૮. ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

૦૯. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક રજૂઆતો સાંભળી. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓ વંચાણે લીધા.

**મુદ્દા નં. ૧ :–**

૧૦. હાલના કામે ફરિયાદ પક્ષ દ્વારા તહોમતદાર વિરુદ્ધ જે ઉપરોકત મુજબના ગુન્હા અંગેનો આક્ષેપ કરવામાં આવેલ છે તે સંદર્ભે રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે સૌ પ્રથમ આંક–૦૭થી મુળ ફરિયાદી રાજેશભાઇ હસ્તીમલ શાહનો મૌખિક પુરાવો નોંધવામા આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ એનિમલ વલ્ફેર બોર્ડ ઇન્ડીયા સાથે સંકળાયેલા છે. એનિમલ પ્રતિનિધિ તરીકે તેઓની નિમણુક થયેલ છે. હાલમાં ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ ગાંધીનગરમાં કારોબારી મેમ્બર તરીકેની ફરજ બજાવી રહ્યા છે. તેઓને તા. ૨૬.૧૨.૨૦૨૦ ના રોજ બાતમી મળેલ હતી કે, એક આઇસર ટેમ્પો નં. ટીએન. ૫૯. સીએફ.૦૩૬૭ નો કે જેમાં ગાયો ભરીને ગે.કા. રીતે કુરતા પુર્વક પરીવહન થઈ રહ્યુ છે અને ટેમ્પો હાલ કરજણ પાસે શિવકૃપા હોટલ પાસે ઉભો છે. આથી આ બાબતની જાણ તેઓએ તરત જ બરોડા પોલીસ કંટ્રોલને કરી હતી. અને તેના આધારે કરજણ પોલીસ સ્થળ ઉપર આવી ટેમ્પાનો તથા તેમાં રહેલ પશુઓનો કબજો મેળવલ. ત્યારબાદ તેઓને કરજણ પોલીસ દ્વારા બોલાવવામાં આવતા તેઓ પોલીસ સ્ટેશને ગયેલા. ત્યા તેઓને આરોપીઓ દ્વારા રજુ કરવામાં આવેલ પેપરો બતાવેલ. પરંતુ તેમાં કોઈપણ જાતની પશુ પરીવહન કરવા અંગેની પરમીટ ન હતી. અને ખાસ કરીને ગાયોના પરીવહન માટે ગુજરાત પશું સંરક્ષણ અધિ. સુધારા અધિ. ૨૦૧૧ અને ૨૦૧૭ મુજબ નિયમ ૨ મુજબનો પ્રમાણપત્ર હોવુ ખાસ જરુરી છે, તે પ્રમાણપત્ર પણ ન હતું. ૧૦– ગાયોને ટેમ્પોમાં ખુબ કુરતા પૂર્વક ભરેલ હતી. જેને કારણે પ્રાણી કુરતા

નિવારણ અધિ. ૧૯૦૭ ની કલમ ૧૧ મુજબની જોગવાઈઓ તથા પૈશું પરીવહનના નિયમોનો ભંગ કરવામાં આવેલ હતો. તેમજ કોઈ વેલીડ વેટરનરી સર્ટી ન હતુ. અને જે સર્ટી રજુ કરવામાં આવ્યુ હતુ તેના ઉપર સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવેલ હતો કે, આ સર્ટી લીગલ કાર્યવાહી માટે રહેલું નથી. આ મુજબની ગુનાહીત કાર્યવાહી થયેલ હોય આ કાર્ય કરનાર ઈસમો તથા તેમાં મદદગારી કરનાર ઈસમો સામે ગુનો નોંધી કાયદેસરની ફરીયાદ દાખલ કરવા લેખિતમાં ફરીયાદ આપેલ હતી. તેઓએ અસલ ફરિયાદમાં તેઓની ફરિયાદી તરીકેની સહી ઓળખી બતાવેલ છે. જે આ કામે આંક–૦૮ થી રજૂ છે.

તહોમતદારો વિરૂદ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી સી.આર.પી.સી. કલમ–૨૯૯ અન્વયે ચલાવવામાં આવેલ હોય, સદર સાહેદની તહોમતદાર પક્ષ તરફેની ઉલટતપાસ નથી.

**૧૦.૧** ફરિયાદ પક્ષે આંક–૧૨ થી ટ્રક તથા પશુઓ અંગેના પંચનામાના પંચ દર્શનભાઇ દિપકભાઇ ભટ્ટનો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ છે. તેઓએ તેઓનાં પુરાવામાં પોલીસે તેઓને કોઇ જગ્યાએ બોલાવેલા હોય કે તેઓની હાજરીમાં કોઇ પંચનામું કરેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવેલ છે. તેજ પોલીસે એક તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલ હોવાની હકીકત જણાવેલ છે. તેઓએ સદર પંચનામામાં તેઓની પંચ નં.૧ તરીકેની સહી ઓળખી બતાવી આંક–૧૩ થી રજૂ કરેલ છે.

તહોમતદારો વિરૂદ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી સી.આર.પી.સી. કલમ–૨૯૯ અન્વયે ચલાવવામાં આવેલ હોય, સદર સાહેદની તહોમતદાર પક્ષ તરફેની ઉલટતપાસ નથી.

**૧૦.૨** ફરિયાદ પક્ષે આંક–૧૧૪ થી ટ્રક તથા પશુઓ અંગેના પંચનામાના તથા તહોમતદારોની શરીરસ્થિતીનાં પંચનામાના પંચ ભરતકુમાર રમેશચંદ્ર પુરોહિતનો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ છે. તેઓએ તેઓનાં પુરાવામાં પોલીસે તેઓને કોઇ જગ્યાએ બોલાવેલા હોય કે તેઓની હાજરીમાં કોઇ પંચનામું કરેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવેલ છે. તેજ પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલ હોવાની હકીકત જણાવેલ છે. તેઓએ સદર આંક–૧૩ વાળા પંચનામાાં તેઓની પંચ નં.૨ તરીકેની સહી ઓળખી બતાવેલ છે. જયારે આરોપીની શરીરસ્થિતીનાં પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૧૫ થી રજૂ કરેલ છે.

તહોમતદારો વિરૂદ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી સી.આર.પી.સી. કલમ–૨૯૯ અન્વયે ચલાવવામાં આવેલ હોય, સદર સાહેદની તહોમતદાર પક્ષ તરફેની ઉલટતપાસ નથી.

**૧૦.૩** ફરિયાદ પક્ષે આંક–૧૭ થી સદર ગુનાના કામનાં ત.ક.અમલદાર રાજેન્દ્રસિંહ રામસિંહનો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તા. ૨૭/૧૨/૨૦૨૦ ના રોજ તેઓ કરજણ પોલીસ સ્ટેશનમાં અહેકો તરીકે ફરજ બજાવતા હતા તે વખેત અનસિંગભાઈ કરજણ પો.સ્ટે પાર્ટ ગુના રજી નં. ૨૧૦૫/૨૦૨૦ પ્રાણી ક્રુરતા અધિ. ની ગુનાની તપાસ તેઓને કેપ્યુટ કરેલ. તેઓએ ડેપ્યુટ હુકમમાં અનસિંગભાઈનાઓની સહી ઓળખી બતાવેલ છે. જે આ કામે આંક–૧૮ થી રજૂ છે. સદર ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલી. ફરીયાદનો અભ્યાસ કરી અને ફરીયાદ મુજબ પકડાયેલ ગૌવંશો મીયાગામ સાર્વજીનક પાંજરાપોળ ખાતે રાખેલ. તેઓએ સાર્વજનીક પાંજરાપોળની બે પાવતીઓ બતાવવામાં આવતાં તેમાં પાંજરાપોળના મેનેજરની સહી ઓળખી બતાવેલ છે. તથા દસ ગાયો મુકેલ તેની પહોચ છે. જેમાં પશુ મુકનાર તરીકે તેઓની સહી છે. જે આ કામે અનુક્રમે આંક–૧૯,૨૦ થી રજૂ છે. તેઓએ સદર ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. સદર ગાયોનુ વેટરનરી ડોક્ટર મારફતે સારવાર કરાવી તેઓની મેડી. સર્ટી તપાસના કામે મેળવેલ. તેઓની તપાસમાં આ ગાયો જે ટેમ્પા લઈ જતા હતા તેમાં ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા ન હતી, જેથી આરોપીને અટક કરેલ. અને આગળ તજવીજ કરેલ. અમારી તપાસમાં આરોપીએ પશુ પ્રત્યે ઘાતકી પણાની કલમ–૧૧ ની પેટા કલમ મુજબ હોવાનુ ખુલતા આરોપી સામે ચાર્જશીટ કરેલ. તેઓ આરોપીને જોયેથી ઓળખી શકે છે.

**૧૧.** હવે, પડેલ પુરાવાનું સ્વતંત્ર રીતે તેમજ એકબીજા સાથે સાંકળીને સમગ્રપણે મુલ્યાંક કરવામાં આવે તો, આ કામે તપાસેલા ફરિયાદીએ તેઓનાં પુરાવામાં ફરિયાદ હકીકતો મુજબ તેઓએ ગાયો ભરેલો ટેમ્પો પકડેલ હોવાની હકીકત ફરિયાદીના પુરાવાથી રેકર્ડ ઉપર આવે છે. વધુમાં, ફરિયાદીના પુરવાથી એવી હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે કે, આ ગાયો ટેમ્પોમાં ખૂબ ક્રુરતાપૂર્વક ભરેલ હતી. ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, સદર ગાયોને ખીખોખીચ દોરડાથી મુશ્કેટાટ બાંધેલા હતાં, તેમનાં માટે ઘાસ–ચારા પાણીની કોઇ વ્યવસ્થા આ ટ્રકમાં ન હતી. પરંતુ, ફરિયાદીએ જે ક્રુરતા આચરાયેલાની હકીકત તેઓનાં પુરાવામાં જણાવેલ છે, તે બાબતે કોઇ ફોટા

પાડેલા હોય કે પોલીસને આપેલ આપેલ હોય તેવું બનેલ હોવાનું જણાઇ આવતું નથી. વધુમાં, ફરિયાદીના પુરાવાને અનુરૂપ ક્રુરતા આચરાયેલાની હકીકત ત.ક. અમલદારનાં પુરાવાથી રેકર્ડ ઉપર આવે છે. વધુમાં, ત.ક.અમલદારે પશુઓ–ગાયો ઉપર આચરાયેલી ક્રુરતા બાબતે સદર પશુઓની સારવાર કરાવેલ હોવાનો અને તે બાબતે વેટરનરી ડોકટરનું વી.એલ.સી. સર્ટીફીકેટ મેળવેલાનો પુરાવો આપેલ છે. પરંતુ, આવું કોઇ વી.એલ.સી. આ કામે રેકર્ડ ચકાસતાં રજૂ થયેલ હોય તેમ જણાઇ આવતું નથી. વળી, વેટરનરી ડોકટરનો સમર્થનકારક પુરાવો પણ રજૂ થયેલ નથી. વધુમાં, ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, ગાયોના પરીવહન માટે ગુજરાત પશું સંરક્ષણ અધિ. સુધારા અધિ. ૨૦૧૧ અને ૨૦૧૭ મુજબ નિયમ ૨ મુજબનો પ્રમાણપત્ર હોવુ ખાસ જરુરી છે, તે પ્રમાણપત્ર પણ ન હતું. ૧૦– ગાયોને ટેમ્પોમાં ખુબ ક્રુરતા પૂર્વક ભરેલ હતી. જેને કારણે પ્રાણી કુરતા નિવારણ અધિ. ૧૯૦૭ ની કલમ ૧૧ મુજબની જોગવાઈઓ તથા પૈશું પરીવહનના નિયમોનો ભંગ કરવામાં આવેલ હતો. તેમજ કોઈ વેલીડ વેટરનરી સર્ટી ન હતુ. અને જે સર્ટી રજુ કરવામાં આવ્યુ હતુ તેના ઉપર સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવેલ હતો કે, આ સર્ટી લીગલ કાર્યવાહી માટે રહેલું નથી. પરંતુ, ફરિયાદીના કથન મુજબનું ઉપરોકત જે સર્ટી રજૂ કરવામાં આવેલ હતું, તે આ કામે રજૂ થયેલ હોય તેવું રેકર્ડ ચકાસતા જણાઇ આવતું નથી. જેથી તે કાયદેસરની લીગલ કાર્યવાહી માટે ન હતું તે પણ પુરવાર થઇ શકે તેમ નથી. વધુમાં, આ કામે મુદ્ધામાલ ટેમ્પો તથા પશુઓ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોએ તેઓનાં પુરાવામાં તથા આરોપીની શરીર સ્થિતીના પંચનામાના પંચે તેઓનાં પુરાવામાં સદર પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. ત્યારે ફરિયાદ પક્ષ સદર બંને પંચનામા પણ પુરવાર કરી શકેલ હોય તેવું પણ માની લઇ શકાતું નથી. વળી, ત.ક.અમલદારે પણ સદર પશુઓ ઉપર ક્રુરતા આચરેલ હોવા બાબતેનો કોઇ પુરાવો મેળવેલ હોય તેમ પણ જણાઇ આવતું નથી. આ કામે પાંજરાપોળના અધિકૃત વ્યકિતને પણ તપાસી તેઓના સમર્થનકારક પુરાવાથી પણ તહોમતદારો વિરૂદ્ધની કોઇ હકીકતો રેકર્ડ ઉપર ફરિયાદ પક્ષ લાવેલા નથી. ફરિયાદ મુજબનો બનાવ જાહેર રોડ પર બનેલ હોવા છતાં કોઇ સ્વતંત્ર સાહેદનો સમર્થનકારક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષે અન્ય સાહેદોને તપાસવા માટે પુરતા પ્રયત્નો કરવામાં આવેલા છે. પરંતુ, તેઓને હાજર રખાવી શકેલ ન હોય, તેઓનો

સમર્થનકારક પુરાવાના અભાવે પણ તહોમતદારો વિરૂદ્ધની અન્ય કોઇ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૧.૧** પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમ–૧૯૬૦ ની કલમ–૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઇ), ૧૧(૧)(એચ), ૧૧(૧) (કે) મુજબના ગુના તત્વો ધ્યાને લઇએ તો તે નીચે મુજબ છે.

11. **Treating animals cruelly.—**(1) **If any person—**

(**a**) **beats, kicks, over-rides, over-drives, over-loads, tortures or otherwise treats any animal so as to subject it to unnecessary pain or suffering or causes or, being the owner permits, any animal to be so treated;**

(**d**) **conveys or carries, whether in or upon any vehicle or not, any animal in such a manner or position as to subject it to unnecessary pain or suffering;**

(**e**) **keeps or confines any animal in any cage or other receptacle which does not measure sufficiently in height, length and breadth to permit the animal a reasonable opportunity for movement;**

(**h**) **being the owner of [any animal] fails to provide such animal with sufficient food, drink or shelter,**

(**k**) **offers for sale or, without reasonable cause, has in his possession any animal which suffering pain by reason of mutilation, starvation, thirst, overcrowding or other ill-treatment;**

અત્રે ઉપર ચર્ચા કરી ગયા તે મુજબ ફરિયાદ પક્ષે કહેવાતા વાહનમાં પશુઓ ખીચોખીચ ભરેલા હોય, ઘાસચારા કે પાણીની કોઇ વ્યવસ્થા રાખવામાં આવેલ હોય અથવા પશુઓને દોરડા બાંધવામાં આવેલ હોય અને તેમ કરી પશુઓ ઉપર ક્રુરતા આચરવામાં આવેલ હોય તે બાબતે કોઇ પુરાવો રજૂ થયેલ નથી. વળી, પશુઓ ઉપર આચરાયેલી ક્રુરતા બાબતે પશુઓને કોઇ સારવાર આપવામાં આવેલ હોય, તે બાબતેનો પણ કોઇ પુરાવો રજૂ થયેલ નથી. વધુમાં, વાહનની સાઇઝ શું હતી? તેની લંબાઇ, ઉંચાઇ પહોળાઇ શું હતી તેનો પણ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, ત્યારે પશુઓ ખીચોખીચ ભરવામાં આવેલા હોય કે પશુઓ હલન ચલન કરી શકતાં ન હતાં

તે બાબતે પણ કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારે ફરિયાદ પક્ષ ઉપરોકત કલમો મુજબની કોઇ પણ હકીકત નિ:શંકપણે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે જેથી આરોપીઓને સદર કલમો મુજબ દોષિત ઠરાવી શકાય.

**૧૧.૨** આ કામનાં આરોપીઓ સામે એમ.વી.એકટની કલમ–૧૨૫ મુજબના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ છે. સદર કલમ ધ્યાને લેવામાં આવે તો કલમ–૧૨૫ મુજબ આ કલમ મુજબ, કોઈપણ વ્યક્તિ જે મોટર વાહન ચલાવી રહી હોય, તેણે ડ્રાઈવરની બાજુમાં કે એવી રીતે કોઈ વ્યક્તિને ન બેસાડવી જોઈએ જેનાથી ડ્રાઈવરને ગિયર બદલવામાં, સ્ટીયરિંગ ફેરવવામાં કે બ્રેક મારવામાં તકલીફ પડે. ડ્રાઈવરની સામે અથવા આજુબાજુ એવો કોઈ સામાન કે વસ્તુ ન હોવી જોઈએ જે ડ્રાઈવરની દ્રષ્ટિ રોકે અથવા તેને ટ્રાફિક જોવામાં અડચણ ઉભી કરે. વાહનના કોઈ પણ ભાગમાં એવી રીતે બેસવું કે વસ્તુ રાખવી જે ડ્રાઈવરના વાહન પરના નિયંત્રણમાં દખલ કરે તે ગુનો બને છે. પરંતુ, ફરિયાદ પક્ષે તહોમતદારોએ ઉપરોકત મુજબનું કોઇ કૃત્ય કરેલ હોય તેવો પણ કોઇ પુરાવો રજૂ થયેલ નથી. ત્યારે આરોપીઓએ કલમ–૧૨૫ મુજબનો ગુનો આચરેલ હોય તેમ પુરવાર થતું નથી.

**૧૧.3** આ કામે ફરિયાદી તથા સાહેદો, પંચસાહેદો અને ત.ક.અમલદાર એમ કુલ–૦૪ વ્યકિતઓનો પુરાવો રજૂ થયેલ છે. પરંતુ, રજૂ થયેલ પુરાવો એટલો ગુણવત્તાસભર નથી કે જેના આધારે તહોમતદારો કે તે પૈકી કોઇની હાલનાં ગુન્હામાં સ્પષ્ટ સંડોવણી નકકી કરી શકાય. આમ, ઉપરોકત જે તમામ હકીકતો રેકર્ડ ઉપર રજૂ થયેલ છે તેનાં આધારે સદર વાહનમાં પશુઓનું વહન કરી લઇ જવામાં આવતાં હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. પરંતુ, પશુઓને કતલખાને લઇ જવામાં આવતાં હોવા બાબતની કોઇ હકીકત કે પશુઓ ઉપર ક્રુરતા આચરવામાં આવેલી હોય તેવી પણ કોઇ હકીકત  આરોપીઓ વિરૂદ્ધ નિ:શંકપણે રેકર્ડ ઉપર આવતી નથી. કોઇ જાહેરનામું અમલમાં હોવા બાબતે પણ કોઇ પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલ નથી. આમ, ફરિયાદપક્ષે જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે તે શંકાસ્પદ જણાઇ આવે છે.

**૧૨.** આ તબકકે **<u>સતિષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓ – ૧૯૯૬ (૯) એસ.સી.સી., ૭૬૬</u>** ના ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત જો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ.સુપ્રિમ કોર્ટની ડીવીઝનલ બેન્ચે ઠરાવેલ છે કે, " ....... જયારે જજને ચોકકસપણે એમ લાગે કે કેસના સંજોગોને ધ્યાને લેતા કેસનો અંત સજામાં

પરિણમશે નહિ ત્યારે કોર્ટનો અમૂલ્ય સમય માત્ર પ્રોસીઝર પૂર્ણ કરવા માટે વેડફવો નહિ ..... "

તેમ છતાં હાલના કામે ઉપરોકત મુજબનો પુરાવો નોંધવામાં આવેલ છે. વધુમાં, આ કામે ફરિયાદપક્ષે જે ઉપરોકત પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તેમાં તહોમતદાર વિરુદ્ધની કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. સદર કામે જો તહોમતદાર તરફે હાજર થઇ ઉલટ તપાસ કરવામાં આવે તો પણ તેના આધારે તહોમતદાર ને તકસીરવાન ઠરાવી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવે તેમ જણાતુ નથી. આમ, તહોમતદાર વિરુદ્ધ જયારે કોઇ પુરાવો કે જેનાથી તહોમતદારની સંડોવણી પુરવાર થાય તેવો પુરાવો રજૂ થતો ન હોય ત્યારે કેસની કાર્યવાહી આગળ ચલાવી કોર્ટનો સમય વેડફી શકાય નહિ અને સી.આર.પી.સી. કલમ–૩૯૯ તથા કલમ–૩૫૩ (૬) ની જોગવાઇ ધ્યાને લેતા તહોમતદારની ગેરહાજરીમાં ચૂકાદો જાહેર કરવો વાજબી અને ન્યાયોચિત જણાય છે.

**૧૩.** આમ, હાલના કામે ફરિયાદ પક્ષ હાલના તહોમતદાર વિરુદ્ધ પુરાવા ની કોઇ સાંકળ રજૂ કરી શકેલ નથી કે જેના આધારે તહોમતદારો વિરૂદ્ધનું અનુમાન કરી શકાય અને તેથી ઉપરોકત કરવામાં આવેલ તમામ ચર્ચા અને રેકર્ડ પર પ્રસ્થાપિત થયેલા સંજોગો ધ્યાને લેતા ફરિયાદ પક્ષ તહોમતદાર વિરુદ્ધ ઉપરોકત મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો નિ:શંકપણે પૂરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય, **<u>મુદ્દા નં.૧</u>** નો નિર્ણય તે મુજબ **<u>નકારાત્મક</u>** આપવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં. ૨ ::</u>**

**૧૪.** આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાને ધ્યાને લઇ, મુદ્દા નં.૧ ના નિર્ણયને ધ્યાનમાં લઇ, આ કેસની તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લઇ, મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

(૧) આથી કરજણ પોલીસ સ્ટેશન પાર્ટ–સેકન્ડ ગુ.ર.નં.૧૧૧૯૭૦૨૫૨૦૨૧૦૫/૨૦૨૦, પશુઓ પ્રત્યે ક્રુરતા અધિનિયમ–૧૯૬૦ની કલમ–૧૧ પેટા કલમ–૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઇ), ૧૧(૧)(એચ),૧૧(૧)(કે) તથા એમ.વી.એકટની કલમ–૧૨૫ મુજબના ગુન્હાના કામના તહોમતદારોને તેઓ વિરુદ્ધના ઉપરોકત મુજબના ગુન્હામાંથી સી.આર.પી.સી. કલમ–૨૫૫ (૧) તથા

કલમ–૩૫૩ (૬) અન્વયે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) તહોમતદારો દ્વારા હાલના ગુન્હા કામે અગાઉ અત્રેની અદાલતમાં આપવામાં આવેલ જામીન તથા જાત મુચરકા હાલના હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

(૩) હાલના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ વચવાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરી તેમાં લાદવામાં આવેલી શરતો રદ કરવામાં આવે છે. અન્યથા મુદ્દામાલ તેનાં મુળ માલીકને માલીકી તથા તથા ઓળખના યોગ્ય આધાર પુરાવા લઈ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : **૦૨જી,** માહે : **એપ્રિલ,** સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૦૨/૦૪/૨૦૨૬
સ્થળ : કરજણ.

**(ડી.એ.જાદવ)**
**જીજે.૦૦૯૯૧**
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**કરજણ–વડોદરા.**

(એચ.એમ.મકવાણા)